મહારાષ્ટ્રમાં રાષ્ટ્રપતિ શાસન

મુંબઈ, તા. ૨૮

મુખ્યમંત્રી પૃથ્વીરાજ ચૌહાણે રાજીનામું આપી દીધા બાદ જ્યાં હવે ચુંટણી યોજાનાર છે તે મહારાષ્ટ્રમાં રાષ્ટ્રપતિ શાસન આજે લાદી દેવામાં આવ્યું હતું. રાજ્યમાં ૧૫ વર્ષ જુના કોંગ્રેસ અને એનસીપી વચ્ચે મડાગાંઠનો અંત આવી ગયા બાદ હવે રાષ્ટ્રપતિ શાસન લાદવામાં આવ્યું છે. રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જીએ વિધિવત રીતે નિયમ પર હસ્તાક્ષર કરી દીધા છે. કેન્દ્રીય કેબિનેટે રાજ્યમાં રાષ્ટ્રપતિ શાસન લાગુ કરવાની ભલામણ ગઈકાલે જ કરી દીધી હતી. ગૃહ મંત્રાલયના સુત્રોએ આજે આ મુજબની માહિતી આપી હતી. વડાપ્રધાન નરેન્દ્ર મોદીની ગેરહાજરીમાં ગૃહપ્રધાન રાજનાથસિંહના નેતૃત્વમાં કેબિનેટની બેઠક મળી હતી. નરેન્દ્ર મોદી હાલ અમેરિકામાં છે. એનસીપીએ સરકારને ટેકો પાછી ખેંચી લીધા બાદ સરકાર લઘુમતીમાં આવી ગઈ હતી. શુક્રવારના દિવસે આ ઘટનાક્રમ સર્જાયા બાદ અંધાધુંધીની સ્થિતિ સર્જાઈ હતી. ચૌહાણે રાજીનામું

આપ્યું હતું. ગઈકાલે જ તેમના રાજીનામાનો રાજ્યપાલ વિદ્યાસાગર રાવ દ્વારા સ્વીકાર કરવામાં આવ્યો હતો. મહારાષ્ટ્રમાં વિધાનસભાની ચુંટણી ૧૫મી ઓક્ટોબરના દિવસે યોજાનાર છે ત્યારે કેન્દ્રને તેના અહેવાલમાં રાજ્યપાલે રાજ્યમાં રાષ્ટ્રપતિ શાસન લાગુ કરવાની ભલામણ કરી હતી. વચગાળાની સરકાર બનાવવાના પ્રયાસો પણ થયા હતા. પરંતુ ભાજપ અને શિવસેના વચ્ચેના સંબંધો તુટી ચુકયા છે આવી સ્થિતિમાં આ બાબત પણ શક્ય દેખાઈ નહતી. હવે મહારાષ્ટ્રમાં રાષ્ટ્રપતિ શાસન લાગુ કરવામાં આવ્યું છે. મહારાષ્ટ્રમાં રાજકીય માહોલ ચરમસીમાએ પહોંચી ગયો છે. બીજીબાજુ ભાજપ પ્રમુખ અમિત શાહે પણ મહારાષ્ટ્રમાં પોતાની ટીમને કામે લગાડી દીધી છે. રાજ્ય ચુંટણીમાં ૧૪૫ બેઠકો જીતવાની ગણતરી ભાજપ દ્વારા કરવામાં આવી છે. ગુજરાત, મધ્યપ્રદેશ, રાજસ્થાન અને ગોવામાંથી પણ ચાવીરૂપ વ્યુહરચનાકારોને રોકવામાં આવ્યા છે. ભાજપ માટે આ ચુંટણી ખૂબ જ મહત્વપૂર્ણ છે. કારણકે, શિવસેનાથી અલગ પડીને ભાજપ ચુંટણી લડનાર છે. કોંગ્રેસે સમાજવાદી પાર્ટી સાથે સંબંધ તોડી દીધા છે. મહારાષ્ટ્રમાં વિધાનસભાની ૨૮૮ બેઠકો છે અને આ બેઠકો તમામ પાર્ટી માટે મહત્વપૂર્ણ છે. મહારાષ્ટ્રમાં મુખ્ય રીતે કોંગ્રેસ, એનસીપી, શિવસેના, ભાજપ અને મહારાષ્ટ્ર નવ નિર્માણ સેના વચ્ચે સ્પર્ધા રહેશે. આ વખતે નવા સમીકરણો રચાઈ રહ્યા છે. કારણકે, એકબાજુ ભાજપ અને શિવસેના વચ્ચેના સંબંધ તુટી ચુકયા છે. બીજીબાજુ કોંગ્રેસ અને એનસીપી વચ્ચેના સંબંધોનો પણ અંત આવી ગયો છે. આવા સમયમાં મહારાષ્ટ્ર વિધાનસભાની ચુંટણી પર તમામ રાજકીયપક્ષોની નજર રહેશે. ભાજપની ફરી એકવાર અગ્નિ કસોટી થાય તેવી વકી છે.

ખાનગી ઈક્વીટી રોકાણનો આંક ૧૨ અબજ પહોંચશે

નવીદિલ્હી, તા. ૨૮

કેન્દ્રમાં સરકાર દ્વારા લેવામા આવેલા સુધારા પગલાના પરિણામસ્વરૂપે ભારતમાં ખાનગી ઇક્વિટી મુડીરોકાણનો આંકડો વધીને વર્ષ ૨૦૧૪માં ૧૨ અબજ ડોલર સુધી પહોંચી જાય તેવા સંકેત દેખાઇ રહ્યા છે. મોદી સરકારની અસરકારક કામગીરીની અસર જોવા મળી રહી છે. આ વર્ષના પ્રથમ છ મહિનાના ગાળામાં ખાનગી ઇક્વિટી કંપનીઓ દ્વારા ભારતમાં અબજ ડોલર ઠાલવી દેવામાં આવ્યા છે. ઇન્ડિયન પ્રાઇવેટ ઇક્વિટી એન્ડ વેન્ચર કેપિટલ એસોસિએશનના ઉપ પ્રમુખ અરવિન્દ માથુર દ્વારા જણાવવામાં આવ્યુ છે કે બારતમાં ગયા વર્ષે તેમના દ્વારા જે રોકાણ કરવામાં આવ્યું હતું કે તેની સરખામણીમાં બેવડુ રોકાણ કરવામાં આવે તેવી વકી છે. વર્ષ ૨૦૧૪માં આ આંકડો વધીને ૧૨ અબજ ડોલર સુધી પહોંચી જાય તેવી શક્યતા છે. અહીં ખાનગી ઇક્વિટી પરિષદના ભાગરૂપે પત્રકારો સાથે વાતચીત કરતા તેમણે આ મુજબની વાત કરી હતી. આ પરિષદમાં ચીન, જાપાન અને વિવિધ આફ્રિકન દેશોના ૨૦૦થી વધુ પ્રતિનિધી ભાગ લઇ રહ્યા છે. માથુરે કહ્યું હતું કે મે મહિનામાં યોજાયેલી સામાન્ય ચૂંટણી બાદ ભારતમાં રોકાણ વાતાવરણ સુધરી રહ્યું છે કેન્દ્રમાં મોદી સરકાર દ્વારા અનેક સુધારા પગલા હાથ ધરવામાં આવ્યા છે.

ત્રણ દશકના લાંબા ગાળા બાદ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં સ્પષ્ટ બહુમતિ ધરાવતી સરકાર કેન્દ્રમાં આવી છે.અન્ય નિષ્ણાંતો કહે છે કે દેશમાં આર્થિક સ્થિતી ઝડપથી બદલાઇ રહી છે. માથુરે કહ્યુ હતુ કે ખાનગી ઇક્વિટી મુડીરોકાણકારો હવે ભારતને વધારે રોકાણલક્ષી સ્થળ તરીકે ગણે છે. નિષ્ણાંતો કહે છે કે હવે ખાનગી ઇક્વિટી ઉદ્યોગ પણ અગાઉ કરતા વધારે પ્રમાણમાં દેશના અર્થતંત્રના વિકાસમાં યોગદાન આપવા માંગે છે. ઇન્ફ્રાસ્ટ્રકચર, રીટલ એસ્ટેટ અને મેન્યુફેક્ચરિંગ એવા ક્ષેત્ર છે જેમાં ખાનગી ઇક્વિટી પ્રવૃતિ વધારે જોવા મળે છે. ઉપરાંત મોબાઇલ બેકિંગ અને ઇકોમર્સ પણ મોટા પ્રમાણમાં રોકાણને આકર્ષિત કરે તેવી શક્યતા છે.

કરુણાનિધિ-સ્ટાલિનની સામે એફઆઈઆર દાખલ કરાઈ

બેંગ્લોર,તા. ૨૮

અન્નાદ્રમુકના નેતા જયલલિતાને સંપત્તિ કેસમાં આકરી સજા થયા બાદ તમિલનાડુના રાજકીય વાતાવરણમાં જોરદાર ગરમી જામેલી છે ત્યારે ડીએમકે-અન્નાદ્રમુક વચ્ચે અથડામણ મુદ્દે હવે કરુણાનિધિ અને સ્ટાલિન સામે એફઆઈઆર દાખલ કરવામાં આવી છે જેથી બન્ને પક્ષો વચ્ચે ખેંચતાણ વધવાના સંકેત દેખાઈ રહ્યા છે. ચેન્નઈ પોલીસે ડીએમકેના નેતા કરુણાનિધિ અને તેમના પુત્ર એમકે સ્ટાલિન તેમજ ૫૦૦ અન્ય સામે શનિવારના દિવસે ગોપાલપુરમ નજીક અન્નાદ્રમુકના કાર્યકરો ઉપર હુમલો કરવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. બેંગ્લોરની કોર્ટે જયલલિતાને દોષિત ઠેરાવવામાં આવ્યા બાદ હવે તંગદીલી વધી ગઈ છે. રોયાપેઠ પોલીસ દ્વારા આઈપીસીની કલમ ૧૪૭, ૧૪૮, ૩૨૪, ૩૩૬ અને ૫૦૬ હેઠળ કેસ દાખલ કર્યો છે. અન્નાદ્રમુકના કાર્યકરો દ્વારા કરવામાં આવેલી ફરીયાદના આધાર ઉપર આ કેસ દાખલ કરવામાં આવ્યો છે. તમિલનાડુના રાજકીય વાતાવરણમાં એ વખતે અંધાધુંધી ફેલાઈ ગઈ હતી જ્યારે જયલલિતાને અપરાધી ઠેરાવ્યા હતા. ચેન્નઈ અને તમિલનાડુના અન્ય ભાગોમાં વ્યાપક હિંસા ભડકી ઉઠી હતી. બેંગ્લોરની ખાસ અદાલતે જયલલિતાને અપરાધી ઠેરવીને ચાર વર્ષની જેલની સજા કરી હતી. ડીએમકેના સભ્યોએ ગોપાલપુરમ નિવાસ સ્થાન નજીક કરુણાનિધિ અને સ્ટાલિનના પુતળા સળગાવવાના પ્રયાસ કરી રહેલા અન્નાદ્રમુકના કાર્યકરો પર હુમલો કર્યો હતો. બન્ને પક્ષોના સભ્યો વચ્ચે હિંસક અથડામણ થઈ હતી.આંદોલનને શાંત પાડવા માટે પોલીસે પુરતી સંખ્યામાં જવાનો ગોઠવી દીધા છે. તમિલનાડુમાં ગઈકાલથી જ ખૂબ જ વિસ્ફોટક સ્થિતિ ઉભી થઈ ગઈ છે. કારણકે, જયલલિતાને સજા થયા બાદ વ્યાપક તોડફોડ અને હિંસા ભડકી ઉઠી હતી.

જયલલિતા કેદી નંબર ૭૪૦૨

બેંગ્લોર,તા. ૨૮

અન્નાદ્રમુકના નેતા જયલલિતાને અપ્રમાણ સંપત્તિ કેસમાં જેલની સજા ફટકારવામાં આવ્યા બાદ જયલલિતા હવે કેદી નંબર-૭૪૦૨ બની ગયા છે. જયલલિતાને ચાર વર્ષની સજા કરવામાં આવ્યા બાદ જયલલિતા ખૂબ જ હતાશ દેખાયા હતા. સજા બાદ તરત જ જયલલિતાને જેલમાં લઈ જવાયા હતા. તેમની તબિબિ ચકાસણી પણ કરવામાં આવી હતી. જયલલિતાને બેંગ્લોર નજીકની જેલમાં રાખવામાં આવ્યા છે. જયલલિતાએ સજા કરવામાં આવી ત્યારે કહ્યું હતું કે, તેઓ જે પણ પ્રકારે વહિવટી તંત્રને ચલાવે છે તે રીતે ખૂબ જ પારદર્શક સ્થિતિ છે. જયલલિતાને પારાપન્ના અગ્રહારા જેલમાં લઈ જવામાં આવ્યા હતા. ત્યારબાદ તેમને કેદી નંબર ૭૪૦૨ બનાવવામાં આવ્યા હતા. હાઈસિક્યુરીટી જેલમાં કોઈપણ વીઆઈપી સેલ નથી. આ જેલમાં એ બેરેક પણ છે જ્યાં કર્ણાટકના પૂર્વ મુખ્યમંત્રી યેદીયુરપ્પા જમીન અનિયમિતત્તાના મામલામાં દોષિત ઠેરાવવામાં આવ્યા બાદ ૨૪ દિવસ સુધી રહ્યા હતા.મળેલી માહિતી મુજબ, જયલલિતા ખૂબ જ મુશ્કેલીનો અનુભવ કરી રહ્યા છે. સજા થઈ છે જેથી જેલના નીતિનિયમ મુજબ રહેવું પડશે. જેલના તબિબ દ્વારા જ તેમની ચકાસણી કરવામાં આવી હતી. એક વીઆઈપી હોવાના કારણે તેમની જાનને ખતરો છે. જેથી ખાસ તબિબ દ્વારા ચકાસણી થવી જોઈએ તેવી રજુઆત જયલલિતાના વકિલ દ્વારા કરાઈ હતી. જયલલિતાએ જેલમાં કયા વસ્ત્રો પહેરવા પડશે તે અંગેની માહિતી પણ પોતાના સિક્યુરિટી ગાર્ડ પાસેથી મેળવી હતી. જયલલિતા તૈયાર વગર આવ્યા હતા. જયલલિતાને મહિલાની બેરેકમાં સિફ્ટ કરવામાં આવ્યા છે.

પાકિસ્તાનથી ભારત આવેલા પ્રવાસીઓની સંખ્યા વધી છે

નવી દિલ્હી,તા. ૨૮

ભારતમાં આવનાર પાકિસ્તાનીઓની સંખ્યામાં રેકોર્ડ વધારો થયો છે. વર્ષ ૨૦૧૩માં આ આંકડો ૧.૧૧ લાખ પ્રવાસીઓ સુધી પહોંચી ગયો છે. પાકિસ્તાનથી આવનાર પ્રવાસીઓની સંખ્યામાં છ વર્ષની ઉંચી સપાટી જોવા મળી છે. સરહદ ઉપર તંગદીલીપૂર્ણ સ્થિતિ અને બે ભારતીય જવાનોની હત્યાને લઈને વિખવાદની સ્થિતિ રહી હોવા છતાં પાકિસ્તાનથી આવતા પ્રવાસીઓની સંખ્યામાં વધારો થયો છે. વર્ષ ૨૦૦૭ બાદથી આ આંકડો સૌથી ઉંચો રહ્યો છે. વર્ષ ૨૦૦૭માં પાકિસ્તાનથી ૧.૦૬ લાખ પ્રવાસીઓ આવ્યા હતા. પ્રવાસ મંત્રાલય પાસેથી પ્રાપ્ત વિદેશી પ્રવાસીઓના આંકડા અંગે જાણ થયા બાદ જાણવા મળ્યું છે કે, પાકિસ્તાનથી આવેલા પ્રવાસીઓની સંખ્યામાં વર્ષ ૨૦૧૨ બાદથી ૮૬.૮૦ ટકાનો ઉલ્લેખનીય વધારો થયો છે. ૨૦૧૨માં આ સંખ્યા ૫૯૮૪૬ હતી. જે વધીને ૨૦૧૩માં ૧.૧૧ લાખ થઈ ગઈ છે. ટોચના ૪૫ શોર્સ દેશોમાંથી આ આંકડો સૌથી વધારે છે. પાકિસ્તાન સાથે ઉદાર વીઝા નિયમો પણ અપનાવવામાં આવ્યા છે. વર્ષ ૨૦૧૨માં બન્ને દેશોએ ઉદાર વીઝા સમજુતી પર સહિ સિક્કા કર્યા હતા પરંતુ અંકુશરેખા પર યુદ્ધ વિરામના વારંવારના ભંગના પરિણામ સ્વરૂપે આંકડામાં વધારો થયો નહતો. ઈન્ડસ્ટ્રી સુત્રોનું કહેવું છે કે, બિઝનેસની તકો વધી છે. સાથે-સાથે ભારતમાં આરોગ્યની સુવિધા પણ વધારે સારી છે. જેના પરિણામ સ્વરૂપે પાકિસ્તાની નાગરીકો ભારતમાં આવી રહ્યા છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તાજેતરમાં જ રાષ્ટ્રપતિ ભવન ખાતે શપથવિધી કાર્યક્રમમાં પાકિસ્તાની વડાપ્રધાન નવાઝ શરીફને આમંત્રણ આપ્યું હતું. અન્ય કેટલાક દેશોમાંથી ભારતમાં આવનાર પ્રવાસીઓની સંખ્યામાં પણ વધારો થયો છે. ૨૦૧૨માં કુવૈતથી આવનાર પ્રવાસીઓની સંખ્યા ૫૨૫૬ હતી જે વધીને હવે ૮૪૬૧ થઈ છે. જ્યારે સાઉદીથી આવેલા પ્રવાસીઓની સંખ્યા ૨૦૧૩માં ૪૨૮૯૨ નોંધાઈ છે.

એશિયન ગેમ્સ : યોગેશ્વરને કુશ્તીમાં સુવર્ણ ચંદ્રક મળ્યો

ઈંચિયોન,તા. ૨૮

ભારતે એશિયન રમતોત્સવમાં શાનદાર દેખાવ જારી રાખ્યો છે. ભારતીય કુશ્તીબાજ યોગેશ્વર દત્તે આજે એશિયન ગેમ્સમાં સ્વર્ણ ચંદ્રક જીતી લેવામાં સફળતા મેળવી હતી. તજાકિસ્તાનના કુશ્તીબાજ જાલીમખાનને ૬૫ કિલોગ્રામ વર્ગમાં હાર આપીને યોગેશ્વરે ભારતને મોટી સફળતા અપાવી હતી. ૬૫ કિલોગ્રામ ફ્રિ સ્ટાઈલ વર્ગમાં પોતાના નામે સ્વર્ણ ચંદ્રક કર્યા બાદ યોગેશ્વર ખૂબ જ ખુશ દેખાઈ રહ્યો હતો. ભારત હવે એશિયન રમોતત્સવમાં હવે ચાર સ્વર્ણ ચંદ્રક ધરાવે છે અને ચંદ્રક ટેબલમાં ભારત ૧૨માં સ્થાનેથી કુદકો લગાવીને ૮માં સ્થાન પર આવી ગયું છે. આ અગાઉ એશિયન ગેમ્સમાં કરતારસિંહે ૨૮ વર્ષ પહેલા ૧૯૮૬માં કુશ્તીમાં સ્વર્ણ ચંદ્રક જીતવામાં સફળતા મેળવી હતી. યોગેશ્વરની તજાકિસ્તાનના કુસ્તીબાજ જાલિમખાન સાથે સ્પર્ધા થઈ હતી. યોગેશ્વરે સેમીફાઈનલમાં ચીનના કુસ્તીબાજ યીરલૈનબીકને છેલ્લી ઘડીએ પછડાટ આપીને

ફાઈનલમાં કુચ કરી હતી. બન્ને કુસ્તીબાજોએ એકબીજાને જોરદાર ટક્કર આપી હતી. ચીની કુસ્તીબાજ સાથેની સ્પર્ધામાં યોગેશ્વર એકવખતે ૭-પથી પાછળ હતો પરંતુ છેલ્લી વખતે તેણે બાજી મારી લીધી હતી. સેમીફાઈનલ અને ફાઈનલ વચ્ચે યોગેશ્વરને માત્ર એક કલાકનો જ આરામ કરવાનો સમય મળ્યો હતો. આ અગાઉ યોગેશ્વર ક્વાર્ટર ફાઈનલમાં નોર્થ કોરિયાના કુશ્તીબાજ કાંગજીંન યાગ ઉપર ૭-૪થી જીત મેળવી હતી. ભારતીય યોગેશ્વરની જીતથી ખુશીનું મોજું ફરી વળ્યું હતું. ભારતીય છાવણી પણ ખુશખુશાલ દેખાઈ હતી. યોગેશ્વરે ૨૦ વર્ષ બાદ ભારતને કુશ્તીમાં સ્વર્ણચંદ્રક અપાવીને રેકોર્ડ સર્જ્યો છે. ભારતીય ટીમ જુદા જુદા રમતોમાં હવે મેદાનમાં ઉતરનાર છે. ટેનિસમાં થાઈલેન્ડ સામે પુરુષોની ડબલ્સમાં રમશે. જ્યારે સેમીફાઈનલમાં યુકી ભાંભરી રમનાર છે. બાસ્કેટબોલમાં ક્વાર્ટર ફાઈનલમાં પણ ભારત રમનાર છે. વોલીબોલમાં પણ કોરીયા સામે રમનાર છે.

ગો એર તેની ક્ષમતાને વધુ વધારવા તૈયાર : અહેવાલ

મુંબઈ,તા. ૨૮

વાડિયા ગ્રુપની માલિકીના બજેટ કેરિયર ગો એરની ક્ષમતામાં ૨૧ ટકા સુધીનો વધારો કરવાની તૈયારી હાથ ધરવામાં આવી છે. ગો એર આગામી દિવસોમાં તેના રૂટ નેટવર્કને વધુ વિસ્તૃત બનાવવા ઈચ્છુક છે. સાથે સાથે નોન મેટ્રો શહેરોમાં નેટવર્કને ફેલાવવાની યોજના ધરાવે છે. ગો એર ક્ષમતા ૨૧ સુધી વધારવાની યોજના ધરાવે છે. જેના ભાગરૂપે કેટલાક નવા શહેરોને આવરી લઈને સેવા શરૂ કરવામાં આવી છે. હાલમાં નવા શહેરોને જોડી દેવામાં આવ્યા છે. મેટ્રો અને નોન મેટ્રો શહેરોમાં તેની સર્વિસને વધુ વિસ્તૃત બનાવાશે. વર્તમાન નાણાંકીય વર્ષમાં ૮.૫ મિલિયન સીટની ઓફર કરવામાં આવનાર છે. આ ટાર્ગેટને હાંસલ કરવા માટે એરલાઈન નવી વ્યુહરચના અપનાવશે. વીઝન ૨૦૧૫ને ધ્યાનમાં લઈને નીતી અપનાવવામાં આવી છે. વિઝન ૨૦૧૫ના ભાગરૂપે સૌથી સસ્તામાં અને આકર્ષક રીતે ભાડાની ઓફર કરવામાં આવનાર છે. મેટ્રો એરપોર્ટ અને ટાયર બે અને ટાયર ત્રણ શહેરોને વ્યુહરચનાના ભાગરૂપે આવરી લેવામાં આવશે. ગો એર ખુબ હેલ્થી ટ્રાફિક ગ્રોથ ૧૨.૫ ટકા અને ૧૪.૬ ટકાનો ધરાવે છે. વર્ષ ૨૦૧૪-૧૫ના નાણાંકીય વર્ષના પ્રથમ બે મહિના દરમિયાન ગ્રોથ રેટ ખુબ હેલ્થી રહેતા નવી આશા જાગી છે. તેની માર્કેટ હિસ્સેદારીને જાળવી રાખવા અને વધારવામાં તે ઉપયોગી બની શકે છે. અત્રે નોંધનીય છે કે ગોર એર ૨૧ સ્થાનિક સ્થળો પર એક સપ્તાહમાં ૯૦૦થી વધારે ફ્લાઈટ ઓપરેટ કરે છે. તેની પાસે ૧૯ વિમાનોનો કાફલો છે. જુલાઈ મહિનામાં તે વદુ એક વિમાન ઉમરે તેવી શક્યતા છે. ઉપરાંત ગો એરે ૭૨ એનઈઓ એરબસ વિમાન માટેનો ઓર્ડર આપેલો છે. આ તમામ વિમાનોની ડિલિવરી ૨૦૧૬-૨૦૨૦ વચ્ચે થાય તેવી શક્યતા છે.

ભારત-રશિયા વચ્ચે વેપાર ૧૫ અબજ ડોલર સુધી પહોંચી જશે

નવીદિલ્હી, તા. ૨૮

રશિયા સાથે ભારતનો દ્વિપક્ષીય વેપાર વર્ષ ૨૦૧૫ના અંત સુધી ૧૫ અબજ ડોલરની સપાટી પર પહોંચે તેવી શક્યતા છે. રશિયા પર યુરોપિયન યુનિયન દ્વારા લાદવામાં આવેલા પ્રતિબંધના અનુસંધાનમાં માર્કેટમાં સ્થિતીને મજબુત કરવા નિકાસકારો દ્વારા શ્રેણીબદ્ધ પગલા લેવામાં આવી રહ્યા છે. જેના કારણે વેપારનો આંકડો સતત વધી શકે છે. હાલમાં બન્ને દેશો વચ્ચે વેપાર ૧૦ અબજ ડોલરની આસપાસ છે. રશિયા પર યુરોપિયન યુનિયન દ્વારા લાદવામાં આવેલા નિયંત્રણના કારણે જુદા જુદા સેક્ટરોમાં ભારત માટે ખુબ સારી સ્થિતી સર્જાઈ ગઈ છે. ભારતીય વેપારીઓ એગ્રો પ્રોડક્ટ્સ, કેમિકલ્સ અને ટેક્સ ટાઈલ સહિતના ક્ષેત્રમાં તેની સ્થિતી મજબુત કરવા વધુ પ્રયાસ કરી શકે છે. રશિયન માર્કેટમાં પ્રભુત્વ જમાવવા માટે ભારત સજ્જ છે. ફેડરેશન ઓફ ઈન્ડિયન એક્સપોર્ટ ઓર્ગેનાઈઝેશનના પ્રમુખ રફીક અહેમદ દ્વારા આ મુજબની માહિતી આપવામાં આવી હતી.

અહેમદે કહ્યું હતું કે, ઓર્ગેનાઈઝેશન દ્વારા હાલમાં જ ત્રણ દિવસના ઈન્ડિયા શોનું આયોજન કરાયું હતું. યુક્રેન કટોકટી ઉભી થયા બાદ અમેરિકા અને યુરોપિયન યુનિયને રશિયા ઉપર આર્થિક પ્રતિબંધો લાદી દીધા હતા. જેના કારણે હવે ભારતને ખૂબ સારી તક રહેલી છે. અહેમદે કહ્યું હતું કે, નિકાસકારોને ખૂબ સારા બિઝનેસ ઓર્ડર મળી રહ્યા છે. રશિયન વેપારીઓ તરફથી વધુ માહિતી મેળવવામાં આવી રહી છે.

પ્રિયંકા ચોપડા કિરણ બેદીની યાદગાર ભૂમિકા અદા કરશે

મુંબઈ, તા. ૨૮

બોલીવુડની લોકપ્રિય અભિનેત્રી પ્રિયંકા ચોપડા એકપછી એક મોટી ભૂમિકાઓ કરવા માટે જાણીતી રહી છે. વિશ્વકપ વિજેતા મેરીકોમની લાઈફ પર બનેલી ફિલ્મમાં કામ કર્યા બાદ પ્રિયંકા ચોપડા હવે અન્ય એક મોટી હસ્તી ઉપર બનનારી ફિલ્મમાં કામ કરનાર છે. પ્રાપ્ત અહેવાલ મુજબ પ્રિયંકા ચોપડા નિવૃત્ત પોલીસ અધિકારી કિરણબેદીની લાઈફ ઉપર બનનારી ફિલ્મમાં મુખ્ય ભૂમિકા અદા કરશે. કિરણ બેદીને ભારતના પ્રથમ અને હાઈએસ્ટ રેન્કના પોલીસ અધિકારી તરીકે ગણવામાં આવે છે. દિલ્હી ટ્રાફિક પોસ્ટીંગ તરીકે પણ તેઓએ કામ કર્યું હતું.

ઉપરાંત ડેપ્યુટી ઈન્સપેક્ટર જનરલ ઓફ પોલીસ, ડિરેક્ટર જનરલ ઓફ નાર્કોટિક્સ કંટ્રોલ બ્યુરો અને અન્ય હોદ્દાઓ ઉપર કામ કર્યું હતું. અહેવાલમાં જણાવાયું છે કે, પ્રિયંકા ચોપડાનો આના માટે સંપર્ક કરાયો છે. પ્રિયંકા ચોપડાના પ્રવક્તા દ્વારા પણ અહેવાલને સમર્થન આપવામાં આવ્યું છે. નિર્દેશક સોહમ શાહ આ પ્રોજેક્ટની મુખ્યરીતે જવાબદારી સંભાળશે. વિતેલા વર્ષોમાં પ્રિયંકા ચોપડા મેરીકોમની લાઈફ પર બનેલી ફિલ્મમાં યાદગાર ભુમિકા કરી ચુકી છે. આ ઉપરાંત બરફી ફિલ્મમાં તેની ભુમિકાને લઈને તે અનેક રાષ્ટ્રીય એવોર્ડ જીતી ગઈ હતી. હવે તે વધુ એક સેલીબ્રીટી પર આધારીત ફિલ્મમાં કામ કરનાર છે.

ચારેયબાજુ રાખના વાદળો છવાઈ ગયા

જાપાનમાં ફરી જ્વાળામુખી ફાટ્યો : ૨૫થી વધુના મોત

ટોકિયો,તા. ૨૮

જાપાનમાં માઉન્ટ ઓંટેક જ્વાળામુખિ ફાટવાના કારણે ભારે નુકશાન થયું છે. ૨૫થી વધુ લોકોના મોત થયા હોવાના અહેવાલ મળ્યા છે. કેટલાક બેફાન હાલતમાં હોવાનું પણ જાણવા મળેલ છે. જાપાનમાં નીતિનિયમ મુજબ બેભાન અવસ્થામાં શરીર મળ્યા બાદ પોલીસ તબીબો દ્વારા ચકાસણી કરાવે છે અને ત્યારબાદ જ મૃત હોવાની જાહેરાત કરે છે. ટોકિયોથી ૨૦૦ કિલોમીટર દૂર આવેલ માઉન્ટ ઓંટેક જ્વાળામુખિ સક્રિય થયો હતો. ત્યારબાદ ઝડપથી રાખના વાદળો ચારેયબાજુ ઘેરાયા હતા. આજે બચાવ અને રાહત કામગીરી ઝડપી બનાવાઈ હતી. જેના લીધે અનેક લોકોને સુરક્ષિતરીતે બચાવી લેવામાં આવ્યા હતા. જાપાનમાં જ્વાળામુખી પર નજીકથી નજર રાખવામાં આવે છે. જ્વાળામુખી સક્રિય થવાના સમાચાર મળતાની સાથે લોકોને સાવધાન પણ કરી



દેવામાં આવે છે. નગાનો શહેર નજીક જ્વાળામુખી માઉન્ટ ઓંટેકમાં સ્થાનીક સમય મુજબ આશરે ૧૨ વાગ્યે વિસ્ફોટ થયા બાદ જ્વાળામુખી સક્રિય થઈ ગયો હતો. બ્લાસ્ટ થયા બાદ ૩૦૬૭ મીટરની ઉંચાઈ ઉપર દક્ષિણી વિસ્તારમાં રાખના વાદળો છવાઈ ગયા હતા. જાણકાર લોકોએ કહ્યું છે કે, અટવાઈ પડેલ લોકોને બચાવવાના પ્રયાસો થઈ રહ્યા છે. શનિવારે જ અમેરિકાથી પરત ફરેલા વડાપ્રધાન શિન્ઝોએ બચાવ કામગીરીમાં મદદ કરવા માટે સેનાને આદેશ આપી દીધા છે. પહાડીઓમાં ફસાઈ ગયેલા લોકોને બચાવી લેવાને પ્રાથમિકતા આપવા માટે કહેવાયું છે. ફાયર બ્રિગેડની ટુકડીઓ પણ પહોંચી ગઈ છે. બીજીબાજુ સાવચેતીના પગલારૂપે નગાનો હવાઈ ક્ષેત્રમાંથી પસાર થતા વિમાનોને રસ્તા બદલી દેવાની સુચના આપી દેવાઈ છે. જોકે, ટોકિયોના હાનેદા એરપોર્ટના અધિકારીઓ અને જાપાન એરલાઈન્સ દ્વારા રસ્તા બદલવાની શક્યતાને નકારી કાઢી છે. જાપાનમાં જ્વાળામુખી સક્રિય થવાના કારણે ભારે ખળભળાટ મચી ગયો છે. મોતનો આંકડો વધે તેવી દહેશત વ્યક્ત કરાઈ રહી છે.

સમાચાર ઝલક

- સુરત જિલ્લામાં મોટા રસોડાના વાસણો ભાડે લઈને ગઠિયો ફરાર અંદાજે બે લાખ વાસણો લઈ ગયો.
- શહીદ ભગતસિંહની ૧૦૭મી જન્મજયંતિ ઉજવાઈ વડાપ્રધાનશ્રીએ શ્રધ્ધાંજલિ અર્પી.
- આજથી જસ્ટીસ એલ.એચ. દત્તુ સુપ્રીમ કોર્ટના નવા મુખ્ય ન્યાયાધીશ.
- અમદાવાદમાં ગરબે ઘુમતા બે યુવાનોને બોલાચાલીમાં તેજાબ નંખાયો.
- અમદાવાદમાં ખંડણી માટે ૫૦ લાખ રૂપિયા માંગતો ઠગ પકડાયો.
- બાંદ્રા-ભાવનગર વચ્ચે ઓક્ટોબરમાં નવી ટ્રેન શરૂ થશે.
- સુરતમાં ધારાસભ્યશ્રી કાનાણીના પુત્ર પાસે ૪ કરોડનું કાળું નાણું ઝડપાયું.
- સિરીયામાંથી નાગરિકો તુર્કસ્તાનમાં હિજરત કરવા લાગ્યા.
- બલિયામાં પેટ્રોલ પંપ પર વિસ્ફોટ થતાં ૬ નાં મોત સંખ્યાબંધને ઈજાઓ.
- આંતરરાષ્ટ્રીય યોગા દિવસ ઉજવવો જોઈએ - વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી.
- અમદાવાદમાં વાહનચોરીમાં એક શો રૂમના માલિકની ધરપકડ કરવામાં આવી.
- વડોદરામાં જુથ અથડામણના તોફાનો બાદ ભારે તંગદિલી.
- તામિલનાડુમાં બંધની વ્યાપક અસર.